GSECL

GMDC
FUELING THE GROWTH

# અરુણોદય



મે - ૨૦૨૫
અંક – ૬૫

**સંપાદકીય બોર્ડ**
– શ્રી એચ.જી. દવે
– શ્રી એસ.જે. મહેતા
– શ્રી એમ.એમ.ઠક્કર
– શ્રી પી.ટી.પઢેરીયા

## અનુક્રમણિકા


- જીવનની જડીબુટ્ટી
- खुशियां किस्तों वाली
- ભારતમાં વિવિધ પ્રકારના પાસપોટ
- આ હરિફાઈનાં યુગમાં શરીફાઈ ન છીનવાઈ જાય...
- લીબડાનું મહત્વ
- દતાત્રેય ભગવાને માનેલા ગુરૂઓ
- વિવેક નિષ્ઠા
- દરેક પિતાના ભાગ્યમાં પુત્રી નથી હોતી
- Photography
- શાળાની પ્રવૃત્તિઓ


ડિઝાઈનઃ– એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

**સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ''અરૂણોદય'' મે -૨૦૨૫ , અંક-૬૫ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.**

**તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું. - તંત્રી**






# જીવનની જડીબુટ્ટી




Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

સ્ટીવ જોબ્સ 'એપલ કંપની' ના founder અમેરીકાની સ્ટેન્ડફોર્ડ યુનિવર્સીટીના વિધાર્થીઓના વિદાય કાર્યક્રમમાં speech આપી હતી જેમાં પોતાના જ જીવનના અનુભવો ઉપરથી વિધાર્થીઓને શીખ આપી હતી. જે આ પ્રમાણે છે. જીવનમાં આવતા સંઘર્ષો ને એમણે કડવી દવા કહી છે. જે દર્દીને આપવી જરૂરી છે. ક્યારેક જીંદગી આપણને ઠોકરો આપે છે. પણ આપણે વિશ્વાસ ખોવો ન જોઈએ. સ્ટીબ જોબ્સ પૂરા વિશ્વાસથી કહે છે કે એ એટલા માટે આગળ વધ્યા કારણકે એ એમના કામને પ્રેમ કરતા હતા. વ્યક્તિ માટે એ જરૂરી છે કે તે પોતાના કર્મને શોધે કે જેમાં તેમને interest હોય જેને તે માણી શકે. કારણકે કામ આપણા જીવનનો બહુ મોટો હિસ્સો હોય છે. વાસ્તવિક રીતે સંતુષ્ઠ થવાની આ જ એક રીત હોય છે. તમે એ કરો જે તમને પસંદ હોય અને હજુ સુધી એ કામ તમને મ ળ્યુ નથી તો તમે રોકાશો નહિ તમે એ કામની શોધ કરો, તમારા રસના વિષયને ઢંઢોળીને બહાર લાવો, સફળતા આપો આપ મળશે.

જે થાય એ સારા માટે જ થાય છે. જે પણ બને છે તે સમયે આપણને ખબર નથી હોતી પણ આગળ જઇને કોઇને કોઇ રીતે આપણા ભવિષ્યથી તે connect થઇ જાય છે. તમે જે કરો છો તમાં અને ઇશ્વર બંને ઉપર વિશ્વાસ રાખી best performance કરતા જાવ.

ગાર્સિયા દ્વારા લખવામાં આવેલી Ikigai ( book of Japan) નો સારાંશ કે જે book ને મોટા ભાગના જાપાની લોકો follow કરે છે. Ikigai નો અર્થ થાય છે – જીવન જીવવાનો ઉદ્દેશ્ય.




- જીવનમાં એક ઉદ્દેશ્ય હોવો જોઈએ.
- જે પ્રવૃત્તિ કરવામાં તમને આનંદ આવે છે તે કરો.
- સંતુલિત અને હળવો ખોરાક લેવો 100% પેટ ભરીને ન ખાવુ.
- હળવી કસરત , યોગ અને મેડીટેશન કરવું.
- જીવનમાં મુશ્કેલીઓ આવવી સ્વાભાવિક છે પણ આપણા ઉપર એ નિર્ભર છે કે આપણે એને કેવી રીતે લઈએ છીએ. માનસિક રૂપથી મજબૂત બની તેમાંથી કંઈક નવુ શીખવાની તક સમજી લેવી.
- સંકટથી ભાગવા કરતા એને સ્વીકારી લેવું જોઈએ.

ડેરેન હાર્ડી દ્વારા લખવામાં આવેલ પુસ્તક **'The compound Effect'** કહે છે કે ક્યારેક આપણે સફળતા માટે મોટા બદલાવની રાહ જોઈએ છીએ **'The compound Effect'** શીખવે છે કે મોટા મોટા ફેરફારો એક જ દિવસે નહીં થાય પરંતુ નાના નાના પગલાં લઈને સમય સાથે તે મોટા પરિણામોમાં ફેરવાય છે. તમારા રોજિંદા નિર્ણયો અને ટેવો જ છે જે સમય સાથે તમારુ ભવિષ્ય નક્કી કરશે. દરરોજ ફક્ત 30 મિનિટ કસરત લાંબાગાળે તમારા શરીર માટે ચમત્કારિક પરિણામ લાવી શકે છે. દરરોજ 10 થી 15 મિનિટ વાંચન કરવાથી અથવા નવી કોઈ વસ્તુ શિખવાથી તમારુ જ્ઞાન અને કુશળતા **long term** માં બીજા કરતા ઘણી આગળ લઈ જશે.

- રોજ થોડો સમય પરિવાર અને મિત્રોને આપવો
- આદતો સારી કે ખરાબ તાત્કાલિક બદલાતી નથી પણ ધીમે ધીમે તમારી ઓળખ બની જાય છે.




# खुशियां किस्तों वाली



**Puneet Singh**
Overman,
Umarsar Lignite Project



हर बार यही सोचकर गुज़रे हैं दिन और पल,
"बस हो जाने दो पूर्ण यह काम,
फिर चखेंगे खुशियों के फल।"
पर समय की चाल भी कितनी अजीब होती है,
खुशियां यहाँ उधार मिलती है, और किस्तों में सहेजी जाती हैं।
मिलती है तनख्वाह जब माह के आरंभ में,
तो छिपा होता है सुख क्षणिक उसके अंक में।
सूरज की पहली किरण और रातों में तारे,
खुशियां तो अब हैं बस इन्हीं के सहारे।
गरमागरम चाय की चुस्की में मिलती है राहत,
हम ढूंढते हैं इन्हीं पलों में अनमोल अमानत।
खुशी के दिन हम कैलेंडर पर चिह्नित करते हैं,
जैसे किसी क़र्ज़ की क़िस्त हम हर माह भरते हैं।
क्या यूँ ही बीत जाएगी सारी उम्र हमारी?
क्या केवल आनंद के मंज़िल तक ही सीमित है यादें प्यारी?
खुशी को मुकाम नहीं, सफ़र बना लेते हैं,
पल पल की खुशियां हरपल में है, ये सच मान लेते हैं।
चलो आज कुछ पल खुशी के उधार ले लेते हैं,
बिना किसी कारण के बस मुस्कुरा लेते हैं।
छोटे-छोटे पल ही तो हैं जीवन की पूंजी,
इन्हीं से बनती है आखिर ख़ुशियों की कुंजी।





# ભારતમાં વિવિધ પ્રકારના પાસપોર્ટ



મિતેશકુમાર એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક

તમે કેવી રીતે જાણશો કે તમારો પાસપોર્ટ ઝડપી ઈમિગ્રેશન ક્લિયરન્સ સુવિધા અથવા વિઝા-મુક્ત મુસાફરીની સગવડ આપે છે? તેના માટે, તમારે વિવિધ પ્રકારના ભારતીય પાસપોર્ટ અને તેને લાગતા મહત્વ વિશે થોડું જ્ઞાન મેળવવું પડશે.એક સરેરાશ વ્યક્તિ એ પણ જાણતી નથી કે પાસપોર્ટ કેટલાય પ્રકારના હોય છે. જો કે, વિવિધ વિઝાની જેમ, લોકોને પણ તેમના વ્યવસાયના આધારે આ દસ્તાવેજના વિવિધ પ્રકારોની જરૂર પડે છે. ચાલો ભારતમાં આ વિવિધ પાસપોર્ટ વિશે બધું જાણીએ.



ભારતમાં મુખ્ય ચાર પ્રકારના પાસપોર્ટ આપવામાં આવે છે.

**(1) વાદળી પાસપોર્ટ :-**

બ્લુ કલરનો પાસપોર્ટ સામાન્ય માણસ માટે ઈસ્યુ કરવામાં આવે છે. આ પાસપોર્ટ ઈમિગ્રેશન અને કસ્ટમ અધિકારીઓને સામાન્ય માણસ અને ઉચ્ચ હોદ્દા ધરાવતા ભારતના સરકારી અધિકારીઓ વચ્ચે તફાવત કરી આપે છે. આ પાસપોર્ટ વિદેશી ઓથોરીટીને સરકારી અધિકારી અને સામાન્ય જનતા વચ્ચેનો તફાવત બતાવે છે. આ પાસપોર્ટને Type-P કહેવાય છે, જેમાં Pનો મતલબ પર્સનલ થાય છે.



**(2) સફેદ પાસપોર્ટ :-**


વ્હાઈટ કલરનો પાસપોર્ટ સૌથી શક્તિશાળી પાસપોર્ટમાંનો એક છે. આ પાસપોર્ટ સરકારી અધિકારીઓને જારી કરવામાં આવે છે. જમા વિદેશમાં સેવા આપતા ભારતીય સશસ્ત્ર બળના સદસ્યોનો સમાવેશ થાય છે. જેઓ સત્તાવાર કામ માટે ફોરેન ટ્રાવેલ કરી રહ્યા છે, તે પણ વ્હાઈટ પાસપોર્ટ હોલ્ડર છે. જ્યારે આ પાસપોર્ટ માઈગ્રેશન અને કસ્ટમ અધિકારીઓ માટે એક સરકારી અધિકારી તરીકેની ઓળખ આપે છે. આથી તેમને યોગ્ય સેવાઓ મળી રહે. વ્હાઈટ પાસપોર્ટ Type-Sમાં આવે છે, જેનો મતલબ થાય છે સેવા.



**(3) મરૂન પાસપોર્ટ :-**

રેડ પાસપોર્ટ ભારતીય ડિપ્લોમેટસ, સંસદ સભ્યો, કેન્દ્રીય મંત્રીપરિષદના સભ્યો, IAS-IPS જેવા ઉચ્ચ સરકારી પદાધિકારીને ઈસ્યુ કરવામાં આવે છે. આ પ્રકારના પાસપોર્ટ ઓફિસર્સને ફોરેન ટુરમાં મદદરૂપ સાબિત થાય છે. તેમને વિદેશમાં આ પાસપોર્ટના કારણે સરળતાથી કોઈપણ સુવિધાઓ મળી રહે છે. તેમજ આવા ડિપ્લોમેટિક પાસપોર્ટ હોલ્ડરનું સરળતાથી અને સામાન્ય લોકો કરતા ઝડપી ઈમિગ્રેશન થઈ શકે છે. રેડ પાસપોર્ટને Type-D પાસપોર્ટ તરીકે ઓળખવામાં આવે છે જેનો મતલબ ડિપ્લોમેટિક થાય છે.

(4) નારંગી પાસપોર્ટ :-



ઓરેન્જ પાસપોર્ટ 2018થી ભારતીય નાગરિકો માટે જારી કરવામાં આવ્યો હતો. આ પાસપોર્ટ અન્ય પાસપોર્ટથી એકદમ અલગ દેખાય છે. ઓરેન્જ કલર એટલા માટે છે કે એવા લોકોને ઓળખી શકાય કે જેમણે ધોરણ 10 થી આગળ અભ્યાસ કર્યો નથી. રેગ્યુલર પાસપોર્ટની જેમાં આમાં છેલ્લા પેઈજ પર આપેલી વિગતો જોવા મળશે નહિ. આ લોકો કે જેઓ ઓછા શિક્ષિત છે તેઓ ECR (ઇમિગ્રેશન ચેક રીક્વાયર્ડ) કેટેગરીમાં આવે છે.





# આ હરિફાઈનાં યુગમાં શરીફાઈ ન છીનવાઈ જાય...

પિયુષભાઈ આહીર
મોટીવેશન સ્પીકર
ભગુડા (મોગલ ધામ)

મારાં મિત્ર રમેશ રામ સાથે સંવાદ...

મિહિરભાઈ આજે 5 વર્ષના થયા,મને આંનદ છે કે આજ દિન સુધીમાં એને કક્કાનો ( 'ક' ) કે સો એકડામાનો ૧ (એકડો) કે વન થી ટેનનો 1 (વન) ન શીખવવામાં કે ન શીખવાડવા દેવામાં હું સફળ રહ્યો છું. હજુ સુધી પ્લેહાઉસ કે ( કે.જી ) માં એડમિશન ન લેવાનો પણ આનંદ છે. હજુ સુધી એને મોબાઈલનો લોક ખોલતાં નથી શીખવા દીધું એને પણ હું અમારા પરિવારની એક અદ્વિતય સિદ્ધિ ગણું છું.

આજના સમય પ્રમાણે સવાલ ચોક્કસ થશે કે તો શીખવ્યું શુ...???? બસ કંઈ જ નહીં...ખરેખર કંઈ જ નહિ. બસ એને એની રીતે વ્યક્ત થવા દીધો, ખુલવા દીધો, ખીલવા દીધો, રમવા દીધો, રડવા દીધો, રખડવા દીધો, રંજાડવા દીધો, દોડવા દીધો અને પડવા દીધો.... ! ક્યારેક અમુક જૂજ ઘટનાઓને બાદ કરતાં રોક્યો કે ટોક્યો પણ ખૂબ જ ઓછો. ઈશ્વરે એને આ દુનિયામાં હરીફાઈ કરવા નહિ પણ શરીફાઈ કરવા મોકલ્યો છે એ દ્રઢપણે અમે માન્યું છે. એના પર અમે અમારા હક કે માલિકીપણાના ભાવ કરતાં વાલ્મિકીપણાનો ભાવ સ-વિશેષ રાખ્યો છે.

હા...આ બધાના કારણે અમુક બાબતો એની રીતે શીખ્યો છે. જેમ કે, અજાણ્યા લોકોની વચ્ચે જરાઈ પણ શરમાયા વગર જાણીતાની જેમ જ વર્તન કરવું, કોઈપણ જગ્યાએ કોઈપણ લોકોની વચ્ચે તરત સેટ થઈ જવું, ક્યાંય પણ અજાણ્યું ન લાગવું, ક્યારેક ઉંમરની સરખામણીમાં વધુ સમજદારીપૂર્વકની વાત કરી દેવી, બાપ પરથી દીકરો ઓળખાતો હોય છે એ સહજ બાબત છે પણ અમારાં ગામમાં ઘણી જગ્યાએ આજે મિહિરના કુટુંબના સભ્યો તરીકે અમારી ઓળખાણ થઈ છે. એટલો એ સામાજિક પણ થયો છે. ખેર 21મી સદીના મોટા ભાગના બાળકો જન્મથી જ ખૂબ પ્રતિભાશાળી છે. એટલે આ બધી વાતો મારી દ્રષ્ટિએ સાવ સામાન્ય છે પણ મિહિરને એનું બાળપણ ન માણવા દેવાનો અફસોસ ક્યારેય નહીં રહે. કેમ કે જમાવટભર્યું ખૂબ જ હટી ને એણે બાળપણને માણ્યું છે.

અને હા....મોટો થઈને કદાચ અમને પૂછશે કે તમે મારા માટે શું કર્યું???? ત્યારે અમારી પાસે જે જવાબ હશે તે આજના ખૂબ ઓછા પરિવાર પાસે હશે..અમે ગૌરવભેર કહી શકીશુ કે આ દુનિયાના સૌથી ધનાઢ્ય,સુખી અને પ્રતિષ્ઠિત વ્યક્તિને પૂછીએ કે તમારી જિંદગીનો સૌથી સોનેરી સમય કયો??તો એ પણ કહેશે કે એ તો મારું બાળપણ...બસ બેટા આ આંધળા શિક્ષણના વહેતા પુરમાં સામે પાણીએ તરીને તારા શિક્ષક માતા પિતાએ તારા બાળપણને બચાવવા પ્રયત્ન કર્યો છે.અને મારી તમામ માતાપિતાઓને નમ્ર વિનંતી છે કે આપણે બાળકોનું બાળપણ ન છીનવીએ...

# લીબડાનું મહત્વ



પી.ટી.પઢેરીયા
માધ્યમિક શિક્ષક

હિન્દુ ધર્મમાં ચૈત્ર માસનું અનેરું મહત્ત્વ છે જેમાં ચૈત્રી નવરાત્રી.શ્રી રામનવમી ,શ્રી સ્વામીનારાયણ જયંતી, ગુડી પડવો જેવા ધાર્મિક  ઉત્સવોની ઉજવણી થાય છે. આ મહિનામાં ચૈત્રી નવમીએ પ્રગટેલા પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની પવિત્ર સ્મૃતિ સાથે એમના સહજ પ્રિય લીંબડા ના વૃક્ષની પણ ચૈત્ર માસે અંહી સ્મૃતિ કરવી છે.

ચૈત્ર માસમાં લીમડાના વૃક્ષો પૂર બહારમાં ખીલ્યા હોય છે લીમડો એની કડવાશ માટે જેટલો પ્રખ્યાત છે એટલો જ એના ગુણ માટે પણ મશહૂર છે એના આરોગ્ય લક્ષી ગુણો અને એની ઉપયોગીતા જોઈ જનસમુદાય એની કડવાશ ભૂલી જાય છે.

આખા દેશમાં લગભગ બધી જ જગ્યાએ આ વૃક્ષ જોવા મળે છે. લીમડો ઘરની આજુબાજુ ફળિયામાં શેરીમાં પાદરમાં ખેતર વાડીમા રસ્તાની બંને બાજુમાં વગેરે જગ્યાએ જોવા મળે છે.  લીમડાને આયુર્વેદાચાર્યો કલ્પવૃક્ષ પણ કહે છે એનું વૈજ્ઞાનિક નામ આઝાડીટીકટા ઈન્ડિકા છે. જુદી જુદી ભાષામાં એના થોડા નામો જોઈએ.

સંસ્કૃતમાં : નિમ્બતરુ મરાઠીમાં : નીમ્બા  મલયાલમમાં : આર્યવેપ્પુ
હિન્દી ,ઉર્દુ ,બંગાળીમાં : નીમ
અંગ્રેજીમાં : નીમ ટ્રી
પૂર્વ આફ્રિકાની સ્વાહિલી ભાષામાં : મોરબેની.
જેનો અર્થ થાય છે : 40 રોગોનો અક્સીર ઈલાજ કરતું વૃક્ષ.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં લીમડો લીંબતરુ તરીકે વિખ્યાત છે
વૈજ્ઞાનિક રીતે પુરવાર થયું છે કે એક લીમડાનું ઝાડ એ.સી. ની ગરજ સારે છે
લીમડાનું આયુષ્ય આશરે 250 થી 300 વર્ષોનું હોય છે વૈજ્ઞાનિકોએ લીબડાને મેડિસિન ટ્રી ઓફ ઈન્ડિયા કહી બિરદાવ્યું છે .
તો કોઈએ Air Purifier - હવા શુદ્ધ કરનાર વૃક્ષ કહ્યું છે. લીમડાના ત્રણ પ્રકાર છે

1 કડવો લીબડો

2 બકમ લીબડો

3 મીઠો લીબડો

લીબડાની ઉપયોગીતા લીબડો રસોઈઘર માં ઉપયોગી છે ,

લીમડો આરોગ્ય માટે ઉપયોગી છે ,

લીમડો વ્યવહારમા ઉપયોગી છે,

ભગવાન શ્રી સ્વામિનારાયણે લિંબડાના ઝાડ નીચે અનેક આધ્યાત્મિક વાતો કરેલી હોવાથી તેનું આધ્યાત્મિક દૃષ્ટિએ  પણ ખૂબ મહત્વ છે.



# દતાત્રેય ભગવાને માનેલા ગુરૂઓ



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ગુરૂની મહત્તા જેટલી આંકીએ તેટલી ઓછી છે. ગુરૂઓ જ્ઞાનના દિપક બની અંધકારમાં પ્રકાશ ફેલાવવાનું કામ કરે છે. દરેક વ્યક્તિ બીજી વ્યક્તિના દોષો જોવાને બદલે નાનો સરખો ગુણ ઊપાડે તો જીવનમાં કોઈ ફરિયાદ ન રહે. **બીજાના રાઈ જેવડા ગુણને પર્વત સમાન અને પર્વત જેવડા દોષને રાઈ સમાન ગણે** તો ઘણું બધું પામી શકાય . 99 દોષો ધરાવનાર વ્યક્તિમાં એકાદ નાનો સરખો ગુણ હોય તો તે ઉપાડવામાં નાનપ ન હોઈ શકે. દત્તાત્રેય જેવા ભગવાને પણ **પોતાને જેમાંથી શીખવા મળ્યું , માર્ગદર્શન મળ્યું તેઓને તેમણે ગુરૂ સમાન માન્યા . આવા 24 ગુરૂઓ** પૈકી માનેલા થોડાક ગુરૂઓની વાત કરીએ.



## (1) પૃથ્વી :-

પૃથ્વી ને પ્રાણીઓ પણ પગ વડે દબાવે છે. છતાં તે પોતાના સ્થાનથી ચલિત થતી નથી. બધું શાંતિથી સહન કરે છે. વૃક્ષને બીજાઓ કાપી ને કે ઊખેડીને લઈ જાય છે. તો પણ તે બધું સહન કરે છે. તેવી રીતે મનુષ્યએ પણ સુખ દુ:ખ સહન કરવા જોઈએ.



## (2) વાયુ :-

જુદા જુદા પદાર્થો સાથે ભળેલો અને ગંધ વગેરે થી યુક્ત દેખાય છે પણ ખરી રીતે તે તેમનાથી રહિત હોય છે. તેમ મનુષ્યએ જુદા જુદા વિષયો પ્રાપ્ત થવા છતાં તેમાં આસક્ત ન થવું.



## (3) આકાશ :-

બધે વ્યાપ્ત છતાં સર્વના સંગથી રહિત. આત્માનું પણ તેવું જ છે. તે દેહના બંધનમાં જકડાઇ જતો નથી.



## (4) પાણી :-

પાણી જેમ સ્વચ્છ , મધુર અને અન્યને પવિત્ર કરનાર છે તેમ સત્પુરુષે પણ અન્ય પ્રાણીઓ માટે તીર્થ સ્થાન જેવાં બનવું જોઈએ.

(5) અગ્નિ :- 

અગ્નિ જેમ તેજસ્વી છે, સળગેછે છતાં પણ પરાભવ પામતો નથી . તેમ મુનિએ પણ તેના જેવા થવું.

(6) ચંદ્ર :- 

ચંદ્ર વધતો અને ઘટતો દેખાય છે પણ ખરી રીતે એ તો એની કળાઓ છે. એ પોતે તો એમ વધતો કે ઘટતો નથી. તેમ જન્મ વગેરે વિકારો દેહના છે આત્માના નથી એમ વિચારવું જોઈએ.

(7) સૂર્ય :- 

સૂર્ય જેમ આઠ મહિના પાણી ચૂસીને વર્ષાઋતુમાં નિરભિમાન પણે પાછું આપે છે. તેમ યોગી પણ સમય અનુસાર ઈન્દ્રિયો દ્વારા વિષય ગ્રહણ કરે પણ કોઇ માંગવા આવે તો એને તે બધું અભિમાન રાખ્યા વગર આપી દે છે. સૂર્ય જેવાં તેજસ્વી બનવાના પ્રયત્ન કરવા જોઇએ.

વધુ ગુરૂઓની વાતો આવતા અંકે......



## વિવેક નિષ્ઠા



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

વિવેક પૂર્વક વર્તવું અને નિષ્ઠા ટકાવવી એ કોંઇ રસ્તામાં પડેલી વાત નથી. સંજોગો વ્યક્તિના વિવેકને ચૂકાવી કે ભૂલાવી દેતા હોય છે. ભલભલા માનવો વિવેક ટકાવવામાં સફળ થતા નથી. વિવેક ટકાવવા માટે અડગ નિષ્ઠા અત્યંત જરૂરી છે.

**એથેન્સ નગરીમાં ઈ.સ. પૂર્વે 399 માં સોક્રેટીસ** પર એક મોટો મુકદ્દમો ચાલતો હતો.તેના પર લોકોનો આરોપ હતાં કે અમે રાષ્ટ્રીય પરંપરાને માનીએ છીએ તેનાં કરતાંં સોક્રેટીસ ઊંધો ચાલે છે. સોક્રેટીસના વિચારો બહુ મોટા છે. તેઓ કોઈપણ વિષયમાં બુધ્ધિ થી ઊંડા ઊતરતા. તે વખતના રૂઢિ ચુસ્ત લોકોને સોક્રેટીસ આખમાં કણાં ની જેમ ખૂંચતા હતા. કારણ **સોક્રેટીસ લોકોને કોઈપણ વાત કોઈપણ સત્યનો સહારો લઇ સમજાવતા.** પણ લોકો તેમની વાત સ્વીકારવા તૈયાર ન થતા અને કહેતાં : તું તારો વિચાર છોડી દે તો જનતા તને દેહાંત દંડ માંથી મુકત કરશે .આ મહાપુરુષે કહયું : મારી બુધ્ધિમાં જે ઊતર્યું છે તે હું આખા વિશ્વ વિરુધ્ધ એકલો ઊભો રહીને કહું છું. જે મને દેખાય છે તે સત્ય છે અને તે જ હું કહું છું. દુનિયા મને માને કે ન માને એ સવાલ નથી. છેવટે જનતાએ સોક્રેટીસને દેહાંત દંડ આપ્યો. આ સોક્રેટીસનું મહાન બલિદાન હતું. આવી કપરી પરિસ્થિતિમાં વિવેક નિષ્ઠા ટકાવીને વિશ્વ વિરુધ્ધ ઊભા રહેવું એ અતિશય કઠણ છે. **સત્યને માટે મોતને વહાલું** કરી ને સોક્રેટીસ જેવા મહાન લોકોના બલિદાન થકી જ આ સંસ્કૃતિ ટકી રહી છે. નમસ્કાર છે સોક્રેટીસની વિવેક નિષ્ઠાને.



# દરેક પિતાના ભાગ્યમાં પુત્રી નથી હોતી



એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક

રાજા દશરથ પોતાના ચારેક દીકરાઓની જાન લઈને જયારે રાજા જનકના દ્વાર પર પહોંચ્યા ત્યારે રાજા જનકે સમ્માનપૂર્વક જાનૈયાઓ નું સ્વાગત કર્યું. ત્યારે દશરથ રાજાએ આગળ વધીને જનક રાજાને પગે લાગ્યા.

આશ્ચર્યચકિત થઈ જનક રાજાએ પગે પડેલ દશરથ રાજાને ઉભા કરીને કહ્યું," મહારાજ " તમે મોટા છો, વરપક્ષ વાળા છો, આવું તમે કેમ કરી રહ્યા છો?

આ વાત પર દશરથ રાજાએ સુંદર વાત કરી, " મહારાજ " તમે દાતા છો, કન્યાદાન કરી રહ્યા છો, હું તો ભિક્ષુક છુ, તમારા દરવાજે કન્યા લેવા આવ્યો છુ, હવે તમે જ જણાવો કે દાતા અને ભિક્ષુક બંનેમાં કોણ મોટું છે?


આ સાંભળીને જનક રાજાની આંખમાંથી અશ્રુધારા વહી પડી. ભાગ્યશાળી હોય છે એ જેના ઘરે છોકરીઓ હોય છે,


**દરેક પુત્રીના ભાગ્યમાં પિતા હોય છે,**
**પરંતુ દરેક પિતાના ભાગ્યમાં છોકરી નથી હોતી.**

## Photography



Bina D. Bhatt
Sec. School Teacher














# શાળાની પ્રવૃત્તિઓ









શાળાના શિક્ષક શ્રી એમ.ડી.સોની દવારા શાળાના વિદ્યાર્થીઓને દર શનિવારે વેસ્ટ  માંથી બેસ્ટ, ફ્રૌઈંગ ટ્રીકસ,વિજ્ઞાનના સિધ્ધાંતો સમજાવતા રમકડાનું નિર્માણ અને જાદુની એકટીવીટી ની સમજ